૧૨, ઓગષ્ટ, ૨૦૨૨




# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા વિવિધ એસોસીએશનો અને વેપાર–ઉદ્યોગકારોના સહયોગથી તિરંગા યાત્રાને સફળ બનાવેલ...

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સમગ્ર ભારત દેશ આઝાદીના ૭૫ મી વર્ષગાંઠની ઉજવણી કરી રહયું છે. જેના ભાગરૂપે દેશ ભરમાં "હર ઘર તિરંગા" ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે આ ઝુંબેશને વેગવંતિ બનાવવા રાજકોટ વહિવટીતંત્ર દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા વિવિધ મંત્રીશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને અધિકારીશ્રીઓની ઉપસ્થિતીમાં આજરોજ તા.૧૨–૮–૨૦૨૨ ના સરદાર ચોક, બહુમાળી ભવન થી રાષ્ટ્રિયશાળા સુધી ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ.

આપણી ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્ર ભાવનાને ઉજાગર કરવી એ દરેક નાગરીકની ફરજ છે. ત્યારે આ દેશહિતની ઝુંબેશમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્સ્ટ્રી તથા વેપાર–ઉદ્યોગકારો તેમજ શાપર–વેરાવળ ઈન્ડસ્ટ્રિયલ એસોસીએશન, રાજકોટ એન્જીનિયરીંગ, લોઠડા–પડવલા–પિપલાણા ઈન્ડસ્ટ્રીયલ, લોધિકા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ, આજી જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ, હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ, રાજકોટ કિચનવેર્સ, વાવડી ઈન્ડસ્ટ્રીયલ, રાજકોટ પ્લાસ્ટીક મેન્યુફેકચર્સ, જેવા વિવિધ એસોસીએશનનો જડાઈ તિરંગા યાત્રાને સફળ બનાવેલ છે. આ તિરંગા યાત્રામાં હજારોની સંખ્યામાં લોકો એકત્રીત થઈને એકતાની ભાવના પ્રગટ કરેલ છે.

સાથો સાથ દેશ ભરમાં ચાલી રહેલ "હર ઘર તિરંગા" ઝુંબેશમાં તા.૧૩ થી ૧૫ ઓગષ્ટ સુધી તમામ વેપાર–ઉદ્યોગકારો અને આમ પ્રજાજનોને પોતાના ઘર–ઓફિસ–ફેકટરીએ તિરંગો લહેરાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા આગ્રહપૂર્વક અપીલ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.